# સુરત મહાનગરપાલિકા

# પ્રેસનોટ

આજરોજ કોન્સ્યુલ જનરલ ઓફ કેનેડા **Diedrah Kelly** તથા તેમની ટીમ સાથે સુરત મહાનગરપાલિકાની મુખ્ય કચેરી મુગલીસરા ખાતે માન. મેયર શ્રીમતી હેમાલીબેન બોઘાવાલાના અધ્યક્ષસ્થાને મિટીંગનું આયોજન કરવામાં આવેલ.

આ મિટીંગમાં માન. કમિશનર શ્રીમતી શાલિની અગ્રવાલે સુરત મહાનગરપાલિકાના સુએઝ વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ મારફત ટેક્ષટાઈલ તથા વોટર જનરેટીંગ ઇન્ડસ્ટ્રીને પાણી પુરૂ પાડી વાર્ષિક રૂા. ૧૪૦ કરોડની આવક મેળવે છે જેની વિસ્તૃત માહિતી,બાયો ડાયર્વસીટી પાર્ક,તાપી રીવર ફ્રન્ટ,સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ,સોલાર પાવર પ્લાન્ટ,વીંડ પાવર પ્લાન્ટ સહિતના પ્રોજેકટોની માહિતી ઉપસ્થિત ડેલીગેટ્સને આપી હતી. વધુમાં તેઓએ સુરત મહાનગરપાલિકા સંચાલિત શાળાઓમાં એજયુકેશન સંદર્ભે કઈ રીતે કોલોબ્રેશન થઈ શકે તે માટે ડેલીગેટ્સ સાથે ચર્ચા–વિચારણા કરેલ હતી. ત્યારબાદ આ મિટીંગમાં માન. સ્થાયી સમિતિ અધ્યક્ષ શ્રી પરેશભાઈ પટેલે ઇ–વ્હીકલ તથા સુરત મહાનગરપાલિકા સંચાલિત ઇ–વ્હીકલ ચાર્જિંગ સ્ટેશન અંગેની માહિતી આપી તથા ઇ–વ્હીકલના ચાર્જિંગના સમય બચાવવા અન્ય ટેકનોલોજી તથા ઇ–વ્હીકલ ચાર્જિંગ સ્ટેશન બનાવવા સંદર્ભે ડેલીગેટ્સ સાથે ચર્ચા–વિચારણા કરેલ હતી.

સદર મિટીંગમાં માન. ડે. મેયર શ્રી દિનેશભાઈ જોધાણી, માન. ડે.મ્યુ. કમિશનર શ્રી રાજેન્દ્રકુમાર એમ. પટેલ,માન. ડે.મ્યુ. કમિશનર શ્રી કમલેશ બી. નાયક,માન. સીટી ઈજનેર શ્રી અક્ષય જે. પંડયા સહિતના મહાનુભવો ઉપસ્થિત રહયા હતા.

જનસંપર્ક વિભાગ,સુરત મહાનગરપાલિકા તરફથી સાદર સમાચાર.૧૩૩,તા.૨૭/૦૬/૨૦૨૩